## જન્મદિને વધામણી



નરેન્દ્રભાઈ શાહ
ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક કો-ઓ બેન્ક લિ.
ફોન : ૨૩૨૪૬૪૧૭
મો. ૯૮૨૫૭ ૪૨૧૨૬




જશુબેન ઠક્કર
અગ્રણી, મહિલા પાંખ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાયત્રી પરિવાર




ડો. ધર્મેન્દ્ર પટેલ
અધ્યાપક, અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ અને સંચાલક, સર્વ નેતૃત્વ તાલીમ કાર્યક્રમ
મો. ૯૪૨૮૪ ૮૨૧૮૨



જેનિલ વિકાસભાઈ રાવલ



ડો. ધ્વનિ રાઠોડ
ડર્મેટોલોજીસ્ટ



મસ્તી ત્રિવેદી



ધારા મહેન્દ્રસિંહ વાઘેલા
મો. ૯૬૬૨૩ ૫૯૭૫૫



દર્શનાબેન પી ઉપાધ્યાય
બહુચર મંડળ
મો. ૯૬૨૮૫ ૦૧૧૩૧

કરાઈની બ્રાઈટ સ્કૂલ ખાતે

## દિવ્યાંગ બાળકોના વાલીઓને મનોચિકિત્સક દ્વારા માર્ગદર્શન




બ્રાઈટ સ્કૂલ-કરાઈ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) અને જિલ્લા શિક્ષણાધિકારી, ગાંધીનગરના ઉપક્રમે શ્રી નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર IEDSS દિવ્યાંગ બાળકોના લગભગ ૨૦૦ જેટલા વાલીઓને DEO એસ. એમ. બારડ, બાળ સમાજસુરક્ષા અધિકારી સંજયભાઈ, મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ, સ્પેશિયલ ઓલિમ્પિકના જિજ્ઞેશ રાવલ અને પ્રમુખ એ. સી. પટેલે માર્ગદર્શન આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સમગ્ર આયોજન મદદનીશ શિક્ષણ નિરીક્ષક પંકજભાઈ પટેલ અને વિશિષ્ઠ શિક્ષક શ્રી વિશ્વાસ મિસ્ત્રીએ કર્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાલીમનું આયોજન થયું



કડી મુકામે આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ગ્રન્થાલય વિભાગના હોલમાં એસ.વી., એસ.જી. અને શિવ હરી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ૧૦૦ શિક્ષકો માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિષય પર ટ્રેનર હિટાચી કંપનીના આઈટી વિભાગના હેડ મનીષ ઠાકર અને એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના કમ્પ્યુટરના શિક્ષક રાજ સર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા.

## સીબીએસસી દ્વારા ઉત્તરવહીઓના મૂલ્યાંકનની કાર્યવાહીનો આરંભ

### ઉત્તરવહી મૂલ્યાંકન માટે બોર્ડ દ્વારા સ્કૂલોને શિક્ષકો માટેના ઓર્ડર ઈશ્યુ સ્કૂલોએ શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે છુટા કરવાના રહેશે

ગાંધીનગર, તા. ૨૫

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ઉત્તરવહી મૂલ્યાંકન માટે બોર્ડ દ્વારા સ્કૂલોને શિક્ષકો માટેના ઓર્ડર ઈશ્યુ કરી દીધા છે. જેથી સ્કૂલોએ શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે છુટા કરવાના રહેશે. જોકે, ઘણી સ્કૂલો શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે છુટા કરતી ન હોવાનું ધ્યાને આવતા બોર્ડ દ્વારા આ બાબતની ગંભીર નોંધ લીધી છે. જેના પગલે હવે જે સ્કૂલો શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે છુટા નહીં કરે તેમને શિક્ષક દીઠ રૂ. ૫૦ હજારનો દંડ કરવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવાયો છે.

આ અંગે બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર કરી રિજનલ ડાયરેક્ટર અને રિજનલ ઓફીસરને સુચના આપી હોવાનું જાણવા મળે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે CBSE બોર્ડની પરીક્ષાઓ હાલમાં ચાલી રહી છે અને એપ્રિલ મધ્યમાં તમામ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ પૂર્ણ થઈ જશે. હજુ પરીક્ષાઓ ચાલી રહી છે ત્યાં બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

જેના પગલે નિયત સમયમાં પરિણામો તૈયાર કરી શકાય. બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકન માટે શિક્ષકોના ઓર્ડર તૈયાર કરીને મોકલ્યા છે. જોકે, કેટલીક સ્કૂલો આવા શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે રિલીવ કરતી ન હોવાનું બહાર આવ્યું છે.

ઉત્તરવહી મૂલ્યાંકન માટે પુરતી સંખ્યામાં શિક્ષકોના ઓર્ડર ઈશ્યુ કરાયા છે. પરંતુ જો શિક્ષકોને સ્કૂલ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકન માટે રિલિવ કરવામાં ન આવે તો શિક્ષકોને ઘટ પડશે અને તેના લીધે પરિણામ તૈયાર કરવાની કામગીરી મોડી થશે તેમ જણાતા બોર્ડ દ્વારા આ મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. બોર્ડ દ્વારા પરિપત્ર કરી જે સ્કૂલો ઉત્તરવહી મૂલ્યાંકન માટે શિક્ષકોને છુટા ન કરે તેમને શિક્ષક દીઠ રૂ. ૫૦ હજારનો દંડ કરવાનો નિર્ણય લેવાયો છે.

આ અંગે બોર્ડે પરિપત્ર કરી રિજનલ ડાયરેક્ટર અને રિજનલ ઓફીસરને સુચના પણ આપી દીધી છે. જેથી હવે સ્કૂલોમાં ફફડાટ ફેલાયો છે અને શિક્ષકોને ઉત્તરવહી મૂલ્યાંકન માટે છુટા કરવાનું શરૂ કર્યુ હોવાનું જાણવા મળે છે.

## ઝુંડાલ ગામે આજથી શ્રી રામકથા પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

શ્રી ઝુંડાલીયા હનુમાનના સાંનિધ્યમાં ઝુંડાલ ગામને આંગણે હનુમાન જયંતિ પ્રસંગે શ્રી રામકથા પારાયણનું આયોજન તા. ૨૬ માર્ચથી ૩ એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું છે. આ દિવસો દરમિયાન રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦ દરમિયાન પારાયણ યોજવામાં આવશે. તા. ૩ એપ્રિલના રોજ રાત્રે ૯ કલાકે ખીમજીભાઈ ભરવાડ અને દાનાભાઈ ગૃપ દ્વારા ડાયરો યોજવામાં આવશે.

તા. ૩૧ માર્ચ ને હનુમાન જયંતિના રોજ મારૂતિ યજ્ઞ તથા અન્નકૂટ દર્શન રાખવામાં આવ્યાં છે. રામકથા પારાયણના વક્તા તરીકે દિવ્યાંગ ડૉ. કૃણાલ શાસ્ત્રી ઉપસ્થિત રહેશે. સૌ ભાવિકોને આ ધાર્મિક અવસરે ઉપસ્થિત રહેવા સમસ્ત ઝુંડાલ ગામ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રંગતાલ પ્રિસ્કૂલ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ




આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે રંગતાલ પ્રિ સ્કૂલ ખાતે બાળકોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને આ નિમિત્તે તુલસીનાં રોપાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. રંગતાલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મિલન પટેલ, ઉપપ્રમુખ અંજલિ પટેલ અને ટ્રસ્ટી બલભદ્ર પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદની આઈઆઈએમનો ૫૩મો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના એશિયા પેસિફિક રિજનના ચેરમેન તેમજ કંપનીની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય ડૉ. જન્મેજય સિંહા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદના ૫૩મા પદવીદાન સમારોહના મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા હતાં. તેમણે શરૂઆતમાં જણાવ્યું કે, મને ખાતરી હતી કે, મને આઈઆઈએમમાં એડમિશન નહિ મળે એટલે મેં અરજી જ ન કરી, તેથી હું આ સંસ્થાનો વિદ્યાર્થી નથી. પોતાની વાતની શરૂઆતમાં વિલિયમ જેનિંગ બ્રાડને ટાંકતાં તેમણે જણાવ્યું કે, સેનેટર સાસેની ઓફિસમાં મેં વિલિયમ જેનિંગ બ્રાડનું સુવાક્ય વાંચેલું, જે ભારતને લાગુ પડે છે, નસીબ તકથી નથી મળતું, એ તમારા યોગ્ય વિકલ્પની પસંદગીથી મળે છે.

આઈ. આઈ. એમ., અમદાવાદના બોર્ડ ઓફ ગવર્નન્સના ચેરમેન કુમાર મંગલમ બિરલા પરિવારમાં બીમારી હોવાના કારણે હાજર ન રહી શકતાં બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય તેમજ હાર્વર્ડ સ્કૂલ ઓફ બિઝનેસના પ્રોફેસર શ્રીકાંત દત્તાર હાજર રહ્યા હતાં. તેમણે પોતાના આઈઆઈએમમાં અભ્યાસ દરમિયાનની યાદો તાજી કરતાં વિદ્યાર્થીઓનું સંબોધન કરતાં જણાવ્યું કે, જ્યારે હું તમારા સ્થાને બેઠો હતો, ત્યારે મારા મનમાં પણ તમારી જેમ અનેક લાગણીઓ ઉભરાતી હતી. હું આ સ્થળના પ્રેમમાં હતા, અહિં જે શિક્ષણ મળ્યું એવો અનુભવ જીવનમાં ક્યારેય નહોતો કર્યો એ બાબત આજે પણ સાચી લાગે છે. આ પ્રસંગે આઈઆઈએમના ડિરેક્ટર પ્રોફેસર એરોલ ડિસોઝાએ આઈઆઈએમની વર્ષ દરમિયાનની સિદ્ધિઓ અંગે વાત કરી હતી.



સાહિત્ય-પંચામૃત ૨૦૧૮ના પ્રથમ દિવસે આત્મા હોલ,અમદાવાદ ખાતે ધીરુ પરીખના વરદહસ્તે અને જવાહર બક્ષી, દલપત પઢિયાર, માધવ રામાનુજ, સતીશ વ્યાસ, કિરીટ દૂધાતની ઉપસ્થિતિમાં કવિલોક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કવિ મનીષ પાઠક'શ્વેત'ના ગઝલસંગ્રહ 'અધખૂલેલું બારણું'નું વિમોચન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સાહિત્યભાવકો, રસિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## જ્યાંથી સંવાદનો અંત આવે છે ત્યાંથી હિંસાની શરુઆત થાય છે

ગાંધીનગર, તા. ૨૫

અમેરિકાનાં નામચીન અને શ્વેત સર્વોપરિતામાં (વ્હાઈટ સુપ્રીમસી) માનતા કુ ક્લક્સ ક્લાન નામના સંગઠનના બસો જણાને તેમની પૂર્વગ્રહયુક્ત માન્યતા છોડાવનાર સંગીતકાર ડેરીડ ડેવીસ અમદાવાદની મુલાકાતે હતા. ગાંધી આશ્રમની મુલાકાત બાદ અમેરિકન કોર્નર ખાતે વાત કરતા તેમણે કહ્યું કે, નાનો હતો ત્યારે હું સમજી નહતો શકતો કે લોકો મને કેમ ધીક્કારે છે. હું દસ વર્ષનો હતો ત્યારથી આ પ્રશ્નનાં જવાબ શોધવા ફરતો હતો. ત્યારે મને મારા પિતાએ સમજાવ્યું કે આપણે અશ્વેત હોવાથી આ ધિક્કાર છે. મને ત્યારે થયું કે જે લોકો મને જાણતા જ નથી તે મને ધિક્કારી કઈ રીતે શકે


મનમાં આ ગડમથલ લઈને ડેરીલ ડેવીસે સંગીતની ઉપાધી લીધી. તેમણે રોક એન્ડ રોલનાં સ્ટાર કહેવાતા ચક બેરી સાથે પણ સાજીંદા તરીકે કામ કર્યું. તેઓ અમેરિકન બ્લુના મોટા કલાકાર તરીકે નામ કાઢ્યું. બુગીવુડી પિયાનોનાં તેઓ નિષ્ણાત ગણાય છે. પરંતુ સાથે સાથે તેમણે અશ્વેતો તરફનાં ધિક્કારના મૂળમાં જવાનું પણ ચાલુ રાખ્યું. તેઓ કુ ક્લક્સ ક્લાનનાં સભ્યોને મળવાનું શરુ કર્યુ. તેણે આ શ્વેત સર્વોપરિતામાં માનતા લોકો સાથે ધીમે ધીમે મૈત્રી કેળવી. તેનું પરીણામ એ આવ્યું કે લગભગ બસો જણાં ડેરીલનાં પ્રયત્નોથી કુ ક્લક્સ ક્લાન છોડી દીધો.

ડેરીલ માને છે કે, જ્યાંથી સંવાદનો અંત આવે છે ત્યાંથી હિંસાની શરુઆત થાય છે. માટે હંમેશા વિરોધીઓ સાથે પણ વાત કરવી જોઇએ. બધાનો એક મુદ્દો હોય છે જેને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. બે વિરોધીઓ વાત કરતા હોય તેને લડાઇ ના કહેવાય. માટે વાતચીત હંમેશા તમામ જૂથો સાથે ચાલુ રાખવી જોઈએ. અમેરિકામાં બરાક ઓબામા ચૂંટાયા પછી શ્વેત સર્વોપરિતામાં માનતા લોકો વધારે ડરમાં જીવવા લાગ્યા. તેના ગાળામાં આ કુ ક્લક્સ ક્લાન અને આ પ્રકારની વિચારધારામાં માનતા લોકોએ ચળવળ વધારી. અને અશ્વેતો પ્રત્યેનો આ પૂર્વગ્રહ અમેરિકામાં વર્ષોથી છે. એક સમયે અમે માણસ નહીં પરંતુ શ્વેત લોકોનાં ગુલામ હતા.

ટ્રમ્પ પ્રમુખ બન્યા બાદ પરિસ્થિતીમાં શું ફેર પડ્યો છે તેવા પ્રશ્નનાં જવાબમાં તેમણે કહ્યું કે, તેમના પ્રમુખ બન્યા બાદ શ્વેત સર્વોપરિતામાં માનતા આ લોકો માથે બુકાની બાંધ્યા વગર સીધે સીધા સામે આવવા લાગ્યા. પ્રમુખની વાતોથી તેમને એમ લાગ્યુ કે તેઓની વિચારધારાને માન્યતા મળી છે.

હું જ્યારે નાનો હતો ત્યારે અમેરિકામાં શ્વેત લોકોની સંખ્યા લગભગ ૮૪ ટકા અને અશ્વેત ૧૨ ટકા હતા. હાલમાં પણ અશ્વેત ૧૨ ટકા જ છે. પરંતુ હવે અન્ય દેશોમાંથી આવેલા લોકોની પણ ૧૨ ટકા જેટલા છે. માટે અમેરિકન શ્વેત લોકોને એવું લાગે છે કે તેઓ લાંબા ગાળે લઘુમતિમાં મુકાઈ જશે અને આ ડર પર જ કુ ક્લક્સ ક્લાન જેવા સંગઠનો ટકેલા છે.

## ગુજરાતના બાલકૃષ્ણ દોશીને આર્કિટેક્ચર ક્ષેત્રે વિશ્વનું સર્વોચ્ચ સન્માન



ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદની ગુફા જેવા અનેક નમૂનેદાર સ્થાપત્યોના સર્જક અને આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓમાં બી.વી.દોશી તરીકે જાણીતા બાલકૃષ્ણ દોશીને આર્કિટેક્ચરના સર્વોચ્ચ સન્માન ગણાતાં પ્રાઈઝર (Pritzker) પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. સાહિત્યમાં નોબેલ પુરસ્કાર, સમાજસેવામાં મેગ્સેસે એવોર્ડ અને પત્રકારત્વમાં પુલિત્ઝર પ્રાઈઝની માફક આર્કિટેક્ચર વિશ્વમાં પ્રાઈઝર પુરસ્કારની ગણના પણ ભારે ઊંચી માનવામાં આવે છે.

આઝાદી પછીના ભારતીય સ્થપતિઓમાં મોખરાનું સ્થાન ધરાવતા ૯૦ વર્ષિય બાલકૃષ્ણ દોશી નાવિન્યસભર અને ઉપયોગી તેમજ નૈસર્ગિક સ્પર્શ ધરાવતી ડિઝાઈન માટે જગવિખ્યાત છે. પ્રસિદ્ધ આર્કિટેક્ટ લા કોબુર્ત્ઝિયર જેવા જીનિયસના આસિસ્ટન્ટ તરીકે ચંદીગઢ શહેરના નિર્માણમાં યોગદાન આપી ચૂકેલા દોશીસાહેબ ઓછી કિંમતના છતાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા મકાનોની ડિઝાઈન માટે ભારે પ્રશસ્તિ પામ્યા હતા. આઝાદી પછી વિકાસના માર્ગે આગેકૂચ કરી રહેલાં ભારતમાં શહેરીકરણનો દૌર આરંભાઈ રહ્યો હતો ત્યારે વિવિધતાસભર દેશની સાંસ્કૃતિક ધરોહરને પ્રતિબિંબિત કરે તેમજ આવશ્યકતાઓની પૂર્તિ પણ કરે તેવી દોશીસાહેબની ડિઝાઈન આજે દેશભરમાં પ્રચલિત છે. તેમને મળેલું પ્રાઈઝર એવોર્ડ ૧૯૭૯થી અપાય છે, પરંતુ આર્કિટેક્ચરનો આ સર્વોચ્ચ ખિતાબ મેળવનાર બી.વી. દોશી સર્વપ્રથમ ભારતીય છે.

### ચંદીગઢ - અમદાવાદના પ્રોજેક્ટમાં મહત્વપૂર્ણ યોગદાન

- બાલકૃષ્ણ દોશીનો જન્મ ૧૯૨૭માં પુણેમાં થયો હતો.
- તેમનો પરિવાર ફર્નિચર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પેઢીઓથી કાર્યરત હતો. બાળપણથી જ તેમણે ફર્નિચરની અવનવી ડિઝાઈન બનાવીને મૌલિક વિચારશક્તિનો પરિચય આપ્યો હતો.
- મુંબઈ ખાતે આર્કિટેક્ચરના અભ્યાસ બાદ જગવિખ્યાત આર્કિટેક્ટ લા કોર્બુઝિયર સાથે કામ કરવા માટે તેમણે ફ્રાન્સની વાટ પકડી. રસપ્રદ બાબત એ છે કે ત્યારે તેમને ફ્રેન્ચ ભાષા બિલકુલ આવડતી ન હતી. પરંતુ ડ્રોઈંગના માધ્યમથી કમ્યુનિકેશન કરીને તેમણે કોર્બુઝિયરનો વિશ્વાસ જીત્યો હતો.
- ફ્રાન્સની સઘન તાલીમ પછી તેઓ કોર્બુઝિયરને ભારતમાં મળેલાં મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે સ્વદેશ પરત ફર્યા અને ચંદીગઢ તેમજ અમદાવાદના પ્રોજેક્ટમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.
- આઈઆઈએમ સહિત અમદાવાદની અનેક ઈમારતો તેમજ ચંદીગઢના અર્બન પ્લાનિંગમાં બી. વી. દોશીની કલાદષ્ટિની પરખ જોવા મળે છે.